**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, અમદાવાદ.**

**ક્રિમિનલ કેસ નંબર :૯૫૧૯/૨૦૨૦**

**ફરિયાદી.........** **શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપીઓ....**

(૧) દિપક પ્રહલાદભાઈ ચૌહાણ,
રહે. ઘર નં.૭૫, રવિનગર વિભાગ–૧, જીવરાજ ચાર રસ્તા,
વાસણા, અમદાવાદ.

(૨) હિંમતસિંહ કંથાજી ઠાકોર,
રહે. મેતુભાઈના મકાનમાં,રાજીવનગર વિભાગ–૬,
શકિત વિદ્યાલય પાસે, સેટેલાઈટ, અમદાવાદ.

(૩) દિનેશ માવજીભાઈ પરમાર
રહે. જીવરાજ મહેતા હોસ્પીટલની સામે, વસુધરા એપાર્ટમેન્ટ,
ઘર નં.બી/૨૨, ચામુંડાનગરની બાજુમાં, વાસણા, અમદાવાદ.

(૪) રોહીત કાંતીભાઈ ભરવાડ,
રહે.ઘર નં.૫૩, શિવશકિતનગર, રાધા કૃષ્ણનગર મંદીરની પાછળ,
ગુપ્તાનગર, વાસણા,અમદાવાદ.

(૫) ભરત ખોડાજી ઠાકોર,
રહે. રાજીવનગર વિભાગ–૧, શકિત વિદ્યાલય પાસે,
સેટેલાઈટ, અમદાવાદ.

(૬) કિષ્ણા પરમાજી ઓડ
રહે. ઘર નં.૫૫૪, પ્રવિણનગર, વણઝારા વાસ, વાસણા,
અમદાવાદ.

(૭) બીજલભાઈ હેમાજી ઠાકોર,
રહે. રાજીવનગર વિભાગ–૬, શ્વેતલ પાર્કની પાછળ,
શકિત વિદ્યાલય પાસે, સેટેલાઈટ,
અમદાવાદ.

(૮) વિપુલ અનિલભાઈ ઠાકોર,
રહે. બી/૧૪, ગણેશશેરી, સોમેશ્વરનગર, વાસણા, અમદાવાદ.

(૯) મનુજી બચુજી ઠાકોર,
રહે. ઠાકોરવાસ, વાસણાગામ, વાસણા, અમદાવાદ.

**ગુનો :–** <u>ધી જુગાર ધારાની કલમ–૪ અને ૫ મુજબ.</u>

**વકીલશ્રીઓ:–**

<u>ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એચ.વિશ્વાસ</u>
<u>બચાવપક્ષે વિ.વ.શ્રી વાય.એન.ઠાકોર</u>

**-: ચુ કા દો :-**

(૧) સદર કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આજરોજ આરોપીઓ રૂબરૂમાં અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ વાસણા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૩૧૭૪/૨૦૧૯, જુગારા ધારાની કલમ-૪ અને ૫ મુજબનો ગુનો નોંધાયેલ હોય જેની તપાસના અંતે ત.ક.અ. ધ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ઉપરોકત નંબરથી કેસ રજીસ્ટર્ડ થયેલ છે.

(૨) આ કામે આરોપીઓએ અદાલત સમક્ષ હાજર થઈ આંક-૨૬ થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે તેમજ આંક-૨૭ થી ૩૫ મુજબ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીઓ એ હાલનો ગુનો કબુલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેમજ તેમના માથે તેમના કુટુંબની જવાબદારીઓ છે તેમજ આ તેમનો પ્રથમ ગુનો છે અને તે માટે તેમને ભારોભાર પસ્તાવો છે તેમજ તેઓ ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો કરશે નહીં. જેથી તેમની ભુલ માફ કરી તેમને હળવામાં હળવી સજા કરી સદર ગુનામાંથી મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે આરોપીઓની ગુના કબુલાત પુરસીસ, પ્લી તથા આરોપીઓની મૌખિક રજુઆત ધ્યાને લઈ હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ-૪ અને ૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુના અન્વયેનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓને પુછતા તેઓ રાજીખુશીથી અને સ્વૈચ્છાએ તેમજ કોઈપણ જાતના દાબદબાણ વગર હાલનો ગુનો કબુલ કરે છે તેમ જણાવે છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ-૪ અને ૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુના અન્વયેનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે જે પૈકી જુગાર ધારાની કલમ-૪ અન્વયે દોષિત ઠર્યેથી ૨ વર્ષ સુધીની સજાની જોગવાઈ તેમજ પ્રથમ ગુનામાં ઓછામાં ઓછી ૩ માસની સજાની જોગવાઈ અને રૂા.૫૦૦/- થી ઓછો નહીં તેટલો દંડ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે, જયારે કલમ-૫ અન્વયે દોષિત ઠર્યેથી ૯ મહીના સુધીની સજાની જોગવાઈ તેમજ પ્રથમ ગુનામાં ૨ માસથી ઓછી નહીં તેવી સજાની જોગવાઈ અને રૂા.૩૦૦/- થી ઓછો નહીં તેટલા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. રેકર્ડ ઉપરની રજુ હકીકત ધ્યાને લેતા હાલના ગુનાના

કામે ઈન્સાફી કાર્યવાહી ચાલવામાં ઘણો સમય લાગે તેમ છે તેવું અત્રેની અદાલતને જણાય આવે છે. તેમજ આ કામના આરોપીઓ સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરવા માંગતા હોય, અત્રેની અદાલતે નામ.ગુજરાત રાજયની વડી અદાલતે ૨૦૦૫ ક્રિમી.લો. જર્નલ ૨૯૫૭ – સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લીધેલ છે. સદર ચુકાદામાં નામ. ગુજરાત વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે,

86. In short, in our conclusion on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reason for first offence, the court is empowered and entitled to award less than minimum sentence on finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisions as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not affimed and approved by us to the extent as stated above for the eloberate reasons and factual matrix and legal profile given hereinabove and upon true and correct interpretation and legislative intendments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and provisio to Sections 66 and 85, so far as first

(૪) આમ, સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ઘ્યાને લેતા આરોપીઓનો આ પ્રથમવારનો ગુનો હોય અને કેસના સંજોગો જોતા મીનીમમ સજાની જોગવાઈ હોય તેનાથી ઓછી સજા કરી શકાય તેમ ઠરાવેલ છે. આમ, સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ઘ્યાને લેતા તેમજ હાલના કેસમાં આરોપીઓએ આ તેમનો પ્રથમવારનો ગુનો હોવાનું જણાવેલ હોય તેમજ રેકર્ડ ઉપરની રજુ હકીકત ઘ્યાને લેતા આ કામના આરોપીઓએ અગાઉ આ પ્રકારનો ગુનો આચરેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી ન હોય જેથી આ કામના આરોપીઓનો આ પ્રથમવારનો ગુનો હોવાનું માની સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લઈ તેમજ આરોપીઓની ઉંમર તેમજ તેમની પરીસ્થિતી લક્ષમાં લઈ આરોપીઓને મીનીમમ સજાથી પણ ઓછી સજા કરવી ઉચીત જણાતું હોય જેથી

ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -: હુ ક મ :-

(૧) આ કામના આરોપીઓ (૧) દિપક પ્રહલાદભાઈ ચૌહાણ,રહે. ઘર નં.૭૫, રવિનગર વિભાગ–૧, જીવરાજ ચાર રસ્તા,વાસણા, અમદાવાદ, (૨) હિંમતસિંહ કંથાજી ઠાકોર, રહે. મેતુભાઈના મકાનમાં, રાજીવનગર વિભાગ– ૬, શકિત વિદ્યાલય પાસે, સેટેલાઈટ, અમદાવાદ, (૩) દિનેશ માવજીભાઈ પરમાર, રહે. જીવરાજ મહેતા હોસ્પીટલની સામે, વસુધરા એપાર્ટમેન્ટ, ઘર નં.બી/૨૨, ચામુંડાનગરની બાજુમાં, વાસણા, અમદાવાદ. (૪) રોહીત કાંતીભાઈ ભરવાડ, રહે. ઘર નં.૫૩, શિવ શકિત નગર, રાધા કૃષ્ણનગર મંદીરની પાછળ, ગુપ્તાનગર, વાસણા,અમદાવાદ, (૫) ભરત ખોડાજી ઠાકોર, રહે. રાજીવનગર વિભાગ–૧, શકિત વિદ્યાલય પાસે, સેટેલાઈટ, અમદાવાદ, (૬) કિષ્ણા પરમાજી ઓડ, રહે. ઘર નં.૫૫૪, પ્રવિણનગર, વણઝારા વાસ, વાસણા, અમદાવાદ, (૭) બીજલભાઈ હેમાજી ઠાકોર, રહે. રાજીવનગર વિભાગ–૬, શ્વેતલ પાર્કની પાછળ, શકિત વિદ્યાલય પાસે, સેટેલાઈટ,અમદાવાદ, (૮) વિપુલ અનિલભાઈ ઠાકોર, રહે. બી/૧૪, ગણેશશેરી, સોમેશ્વરનગર, વાસણા, અમદાવાદ, (૯) મનુજી બચુજી ઠાકોર, રહે. ઠાકોરવાસ, વાસણાગામ, વાસણા, અમદાવાદનાઓને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૫૨ હેઠળ જુગાર ધારાની કલમ–૪ અને ૫ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂા. ૮૦૦/– (અંકે રૂપિયા આઠસો) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ પાસેથી કુલે રૂા.૭૨૦૦/– (અંકે રૂપિયા સાત હજાર બસો) પુરા દંડ તરીકે વસુલ લેવા.

(૩) આ કામે કબજે કરેલ વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વીત્યા બાદ સદર મુદ્દામાલ બાબતે યોગ્ય ઈન્કવાયરી કરી તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ રોકડ રકમને અપીલ સમય વિત્યા બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબ્જે કરવામાં આવેલ

નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ તા. ૧૩ મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૩/૦૮/૨૦૨૨.

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.**(GJ00687)**